## <u>ક્રીમીનલ કેસ નંબર– 48593–2018</u>
## <u>આંક–૧ લગત હુકમ</u>

(૧) ફરીયાદીએ આરોપી સામે ધી નેગોશીએબલ ઇનસ્ટુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ–૧૩૮ અન્વયે હાલની આ ફરીયાદ આ અદાલતમાં રજુ કરતા ફરીયાદ લગત થયેલ હુકમ મુજબ આરોપીને સમન્સ કાઢવામાં આવેલ છે, આરોપીને અવાર નવાર સમન્સ/વોરંટ કાઢી ફરીયાદીને હાથબીડો આપેલ છે છતા આજ દિન સુધી આરોપીને સમન્સ/વોરંટની બજવણી થયેલ નથી કે તેવી બજવણી બાબતે કરેલ કાર્યવાહી અંગેનુ કોઇ સોંગદનામુ રજુ નથી. કેસનુ રેર્કડ અને પ્રોસીડીગ ધ્યાને લેતા કેસ સદરહુ કેસ છેલ્લા પાંચ વર્ષ ઉપરાંતના સમયથી આરોપીને સમન્સ/વોરંટની બજવણી માટે ચાલી છે આરોપી ફરીયાદમાં જણાવેલ સરનામે રહેતો આવેલ હોય તેવુ કે નવા સરનામે રહેવા ગયેલ હોય તે અંગે પણ કોઇ તથ્ય હકીકત ફરીયાદપક્ષે રજુ નથી, ફરીયાદપક્ષને આરોપીને સમન્સ/વોરંટની બજવણી કરવા તેમજ આરોપીના નવા સરનામાની વિગત રજુ કરવા પુરતી તક આપવા છતા તે પરત્વો કોઇ કાર્યવાહી કરેલ નથી અને જે કારણે બજવણીના અભાવે આરોપી કોર્ટ સમક્ષ હાજર થઇ શકેલ નથી. વધુમાં ફરીયાદી તે ફાઇનાન્સ કંપની છે નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા હાલમાં Sanjabij Tari Versus Kishore S.Borcar, 2025(0) AIJEL–SC 75934 ના કેસમાં આપેલ માર્ગદર્શીકા મુજબ ફરીયાદીએ આજદિન સુધી આરોપીને ડીઝીટલ મોડમાં ઇમેલ કે વોટસએપ ધ્વારા સમન્સની બજવણી કરવા પણ કોઇ પ્રયત્ન કરેલ હોય તેવુ પણ રજુ નથી. ફરીયાદપક્ષે જરૂરી કાર્યવાહીના અભાવેલ આ કેસ છેલ્લા ઘણા વર્ષોથી સાઇનેડાઇ સ્થીતીમાં ચાલી આવેલ છે.

(૨) વધુમાં ધી નેગોશીએબલ ઇનસ્ટુમેન્ટ એકટની કલમ–૧૪૩ ની જોવગવાઇ વંચાણે લેતા જે નિચે મુજબ છે

> [143. Power of Court to try cases summarily.—(1) Notwithstanding anything contained in the Code of Criminal Procedure, 1973 (2 of 1974) all offences under this Chapter shall be tried by a Judicial Magistrate of the first class or by a Metropolitan Magistrate and the provisions of sections 262 to 265 (both inclusive) of the said Code shall, as far as may be, apply to such trials:
>
> Provided that in the case of any conviction in a summary trial under this section, it shall be lawful for the Magistrate to pass a sentence of imprisonment for a term not exceeding one year and an amount of fine exceeding five thousand rupees:
>
> (2) ..........................
>
> (3) **Every trial under this section shall be conducted as expeditiously as possible and an endeavour shall be made to conclude the trial within six months from the date of filing of the complaint**.

(૩) ઉપરોકત કલમ–૧૪૩(૩) ની જોગવાઇ મુજબ ફરીયાદ દાખલ થયાના છ માસમાં કેસનો ન્યાયીક નિર્ણય થાય તે જરૂરી બને છે, પરંતુ હાલના કેસમા છેલ્લા પાંચ વર્ષ ઉપરાંતના સમયથી આરોપીને સમન્સ/વોરંટની બજણી માટે ચાલી આવેલ છે. આરોપીને સમન્સ/વોરંટની યોગ્ય રીતે ચૌકકસથી બજવણી થાય તેવા કોઇ પ્રયત્ન ફરીયાદી ધ્વારા

આજદિન સુધી કરવામા આવેલ હોય તેવુ પણ રજુ નથી. નામદાર ગુજરાત વડી અદાલતના ભવાની ટેક્ષટાઇલ્સ મીલ્સ વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, ક્રિમીનલ અપીલ નંબર ૨૪૦૫/૨૦૦૯ ના કેસમાં તા.૧૮/૦૧/૨૦૧૦ ના રોજ આપેલ ચુકાદામાં ઠરાવેલ છે કે, ફરીયાદી પોતાની ફરીયાદમાં યોગ્ય પ્રક્રીયા અનુસરીને ન્યાયિક કાર્યવાહી આગળ ધપાવવામાં નિષ્ફળ જાય તો, તેવા કિસ્સામાં ટ્રાયલ અદાલતનો ક્રી.પ્રો.કોડ કલમ-૨૫૬ હેઠળ ફરીયાદ ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવાનો નિર્ણય યોગ્ય છે. હાલનો કેસ છેલ્લા ઘણા વર્ષોથી આરોપીના યોગ્ય સરનામાના અભાવે સમન્સ/વોરંટ બજવણી થયેલ નથી કે ફરીયાદી આરોપીને સમન્સ/વોરંટ બજવણી કરાવી શકેલ નથી અને ઘણા લાંબા સમયથી ફરીયાદીએ હાજર રહી આરોપીને સમન્સ બજવવા જરૂરી કોઇ કાર્યવાહી કરેલ નથી. કલમ-૧૪૩(૩) માં ઠરાવેલ સમય મર્યાદા ઉપરાંત પણ ઘણો સમય પસાર થઇ ગયેલ છે ત્યારે ફરીયાદપક્ષે જરૂરી કાર્યવાહીના અભાવે ફોજદારી કાર્યરીતી અધિનીયમ કલમ-૨૫૬(૧) અન્વયે આરોપી સામેની હાલની કાર્યવાહી પડતી મુકવી ન્યાયૌચિત જણાઇ આવે છે અને જે મુજબ ફોજદારી કાર્યરીતી અધિનીયમ કલમ-૨૫૬(૧) અન્વયે આરોપી સામેની હાલની કાર્યવાહી પડતી મુકી આરોપીને તેમના વિરુધ્ધના ગુનાના કામે બીનતહોમત છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

**હુકમ આજ તારીખ ૦૬ એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામા આવે છે.**

તારીખ-૦૬/૦૪/૨૦૨૬ **(શ્રી કે.ડી.પટેલ)**

અમદાવાદ શહેર ૧૮માં એડીશનલ ચીફ જયુડિશ્યિલ મેજીસ્ટ્રેટ,કોર્ટ નં.૫૨

જી.જે.૦૧૦૯૩